સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 48

[NOV - DEC - 2023]
[26/11/23 to 02/12/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**26 NOV-2023**

- દિવસ મહિમા : 26 નવેમ્બર, રાષ્ટ્રીય બંધારણ દિવસ, વિશ્વ માલધારી દિવસ, રાષ્ટ્રીય દૂધ દિવસ (National Milk Day) ..... 02
- નિકારાગુઆની સુશ્રી શેનીસ પલાસિયોસએ MISS Universe 2023નો તાજ જીત્યો ..... 11
- QUESTION ANSWERS ..... 12

**27 NOV-2023**

- શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુ સંયુક્ત રાષ્ટ્ર પેનલ ઓફ એક્સ્ટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા ..... 13
- બીજો CII ઈન્ડિયા નોર્ડિક-બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ-2023 ..... 13
- લચિત દિવસ : 24 નવેમ્બર ..... 15
- QUESTION ANSWERS ..... 16

**28 NOV-2023**

- ભારત 2024 માટે આંતરરાષ્ટ્રીય સુગર ઓર્ગેનાઈઝેશનનું અધ્યક્ષ બન્યું ..... 17
- તેજસ ફાઈટર પ્લેનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઐતિહાસિક ઉડાન ..... 18
- મલેશિયામાં ભારતીયોને વિઝા-મુક્ત પ્રવેશ ..... 20
- QUESTION ANSWERS ..... 20

**29 NOV-2023**

- આઈરિશ લેખક શ્રી પોલ લિન્ચે બુકર પ્રાઈઝ 2023 જીત્યું ..... 21
- સતલજ નદીની રેતીમાંથી ટેન્ટેલમ નામની દુર્લભ ધાતુ મળી આવી ..... 21
- 28મો યુરોપિયન યુનિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (EUFF) દિલ્હીમાં યોજાશે ..... 22
- QUESTION ANSWERS ..... 23

**30 NOV-2023**

- દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ ..... 24
- CERT-Inને RTI અધિનિયમના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવામાં આવી ..... 24
- ઉત્તરકાશી ટનલ દુર્ઘટના ..... 25
- QUESTION ANSWERS ..... 28

**01 DEC-2023**

- દિવસ મહિમા : 01 ડિસેમ્બર,વિશ્વ એઈડ્સ દિવસ, BSF સ્થાપના દિવસ ..... 29
- લદ્દાખમાં નાઈટ સ્કાય અભયારણ્ય ..... 29
- મધ્યપ્રદેશના દમોહમાં ભારતનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ બનાવવામાં આવશે ..... 30
- 37th National Games ..... 30
- QUESTION ANSWERS ..... 33

**02 DEC-2023**

- દિવસ મહિમા : 02 ડિસેમ્બર, રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન, ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ ..... 35
- 9મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX) ..... 35
- વૉકિંગ ન્યુમોનિયા ..... 36
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 42


INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 26 નવેમ્બર, (1) રાષ્ટ્રીય બંધારણ દિવસ**
**(2) વિશ્વ માલધારી દિવસ**
**(3) રાષ્ટ્રીય દૂધ દિવસ (National Milk Day)**

## રાષ્ટ્રીય બંધારણ દિવસ

ભારતમાં બંધારણ સભા દ્વારા **26 નવેમ્બર, 1949**ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

- આથી, ભારતમાં **26 નવેમ્બર** **'રાષ્ટ્રીય બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.
- ભારતમાં રાષ્ટ્રીય બંધારણ દિવસ **'સંવિધાન દિવસ'** અથવા તો **'રાષ્ટ્રીય કાયદા દિવસ'** તરીકે પણ ઓળખાય છે.
- 26 નવેમ્બર 2023ના રોજ આ દિવસને **74 વર્ષ** પૂરા થયા છે. આથી, 26 નવેમ્બર, 2023ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની **74મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી છે.
- ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની **74મી વર્ષગાંઠ**ની ઉજવણી નિમિત્તે **નવી દિલ્હી** ખાતે ભારતની **સુપ્રીમ કોર્ટ** દ્વારા એક વિશેષ સમારોહનું આયોજન થયું હતું.
- જેમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રીમતી દ્રૌપદી મુર્મુ** 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ના સમારોહમાં સમાપન સંબોધન કર્યું હતું.
- આ પ્રસંગે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટના પરિસરમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

## ભારતના બંધારણની રચનાનો સંક્ષિપ્ત ઈતિહાસ

### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

- ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ **10 ઓગસ્ટ, 1928**ના રોજ રજૂ થયેલા **નહેરુ રિપોર્ટ**માં થયો હતો.
- આથી **'નહેરુ રિપોર્ટ'**ને બંધારણની **'બ્લૂપ્રિન્ટ'** કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ **શ્રી મોતિલાલ નહેરુ**ની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવી દિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહરલાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

- બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) બંધારણનું નિર્માણ અને (2) દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

- એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી અને આ બેકઠમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

- ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ સૌથી મહત્ત્વની હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું

  પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949

  બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને

  ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949ના રોજ પૂરું કર્યું હતું.
- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના સંપૂર્ણ બંધારણનો અમલ કરવામાં આવ્યો.

નોંધ : (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં 26 નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 નવેમ્બર, 2023 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 106 સુધારાઓ થયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

## 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને **'મિની કોન્સ્ટીટ્યુશન'** અથવા તો **'લઘુ બંધારણ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.

(2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.

(3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.

(4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.

(5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.

(6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

## 104મો બંધારણીય સુધારો, 2019 (અમલ 25 જાન્યુઆરી, 2020)

લોકસભામાં અને રાજ્યોની વિધાનસભામાં SC અને ST ને આપવામાં આવતું અનામત 10 વર્ષ સુધી એટલે કે વર્ષ 2030 સુધી લંબાવવામાં આવ્યું.

- આ ઉપરાંત લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયન સમુદાયને મળતુ અનામત દુર કરવામાં આવ્યું.

## 105મો બંધારણીય સુધારો, 2021

આ સુધારા હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને OBCની યાદી તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

- અનુચ્છેદ 342 (A) (1), 342 (A) (2), 366 (26C) અને 338 (B) (9)માં સુધારો કરવામાં આવ્યો.
- આ ઉપરાંત અનુચ્છેદ 342 (A) (3) પણ ઉમેરવામાં આવ્યો.

## 106મો બંધારણીય સુધારો

106માં બંધારણીય સુધારા અંતર્ગત રાજ્યસભા અને લોકસભામાં પસાર થયેલ 'મહિલા અનામત બિલ 2023'ને 'નારી શક્તિ વંદન' બિલ નામ આપવામાં આવ્યું હતું.

- આ બંધારણીય સુધારા અંતર્ગત લોકસભા, રાજ્યની વિધાનસભાઓ અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ નવી દિલ્હીની વિધાનસભામાં મહિલાઓ માટે 15 વર્ષ માટે એક તૃતીયાંશ (33%) બેઠક અનામત કરવામાં આવી છે.

## ભારતીય બંધારણના વિદેશી સ્ત્રોતો

વિશ્વના આશરે 60થી વધુ દેશોના બંધારણનો અભ્યાસ કરીને ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું હતું. આથી, ભારતના બંધારણમાં અનેક દેશોના બંધારણની છાપ જોઈ શકાય છે. ભારતના બંધારણમાં વિશ્વના વિવિધ દેશોમાંથી પ્રેરણા લઈને નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

**(A) બ્રિટનના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. સંસદીય શાસન વ્યવસ્થા
2. કેન્દ્ર અથવા રાજ્યના બંધારણીય વડા (રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ)નું નામ માત્ર મહત્ત્વ જ્યારે વાસ્તવિક સત્તા વડાપ્રધાન કે મુખ્યમંત્રી પાસે
3. ધારાકીય (Legislative) પ્રક્રિયા
4. સંસદીય વિશેષાધિકારો
5. એકલ નાગરિકતા (Single Citizenship)
6. કેબિનેટ પદ્ધતિ
7. દ્વિગૃહી (Bicameralism) (લોકસભા અને રાજ્યસભા ધરાવતી) સંસદ
8. વિશેષાધિકાર રિટ (Prerogative Writs)
9. કાયદાનું શાસન
10. ચૂંટણીમાં સર્વાધિક મતના આધાર પર જીતની પ્રક્રિયા

**(B) અમેરિકાના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. નાગરિકોના મૂળભૂત અધિકારો (Fundamental Rights)
2. ન્યાયતંત્રની સ્વતંત્રતા
3. ન્યાયિક પુનરાવલોકનનો સિદ્ધાંત/ન્યાયિક સમીક્ષા (Judicial Review)
4. સર્વોચ્ચ ન્યાયાલય તથા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોને પદ પરથી દૂર કરવાની વ્યવસ્થા.
5. રાષ્ટ્રપતિ પર મહાભિયોગની પ્રક્રિયા
6. ઉપરાષ્ટ્રપતિ પદની વ્યવસ્થા
7. આમુખનો ખ્યાલ
8. કાયદાનું સમાન રક્ષણ
9. સંવિધાનની સર્વોચ્ચતા

**(C) આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (નીતિ નિર્દેશક તત્ત્વો)
2. રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા સભ્યોનું નામાંકન
3. રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(D) કેનેડાના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. કેન્દ્ર દ્વારા (રાષ્ટ્રપતિ દ્વારા) રાજ્યોના રાજ્યપાલોની નિમણૂક
2. સશક્ત કેન્દ્ર ધરાવતું સમવાયતંત્ર (મતલબ કે અર્ધસમવાયતંત્ર)
3. અવશિષ્ટ વિષયો પર કાયદો બનાવવાની કેન્દ્રની સત્તા
4. સર્વોચ્ચ ન્યાયાલયની સલાહકારી (Advisory) ન્યાય નિર્ણયન વ્યવસ્થા

**(E) ઓસ્ટ્રેલિયાના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક (અનુચ્છેદ 108)
2. સમવર્તી યાદી
3. વ્યાપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા

**(F) પૂર્વ સોવિયત સંઘ (USSR-Union of Soviet Socialist Republics)ના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. નાગરિકોની મૂળભૂત ફરજો
2. આમુખમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનો આદર્શ

**(G) જર્મનીના વાઈમર બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. કટોકટી (Emergency)ના સમયમાં અમુક મૂળભૂત અધિકારો સ્થગિત કરવાનો ખ્યાલ

**(H) દક્ષિણ આફ્રિકાના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી
2. બંધારણમાં સુધારો કરવાની પ્રક્રિયા (અનુચ્છેદ 368)

**(I) ફ્રાંસના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનો આદર્શ
2. પ્રજાસત્તાક(ગણતંત્ર) રાજ્યનું માળખું

**(J) જાપાનના બંધારણમાંથી પ્રેરિત બાબતો**

1. કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા

**(K) ભારત શાસન અધિનિયમ-1935 : ભારતીય બંધારણનો સૌથી મોટો સ્ત્રોત**

- બ્રિટિશ સંસદ(Parliament) દ્વારા રજૂ કરવામાં આવેલ 'ભારત શાસન અધિનિયમ, 1935 (Government of India Act - 1935) એ ભારતના વર્તમાન બંધારણનો સૌથી મોટો સ્ત્રોત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **ભારત શાસન અધિનિયમ 1935માંથી પ્રેરિત મહત્ત્વની બાબતો :**


1. સંઘીય વ્યવસ્થા (Federal System)
2. ત્રણ યાદીઓ (કેન્દ્ર યાદી, રાજ્ય યાદી, સંયુક્ત યાદી)
3. રાજ્યપાલનો હોદ્દો
4. કટોકટી સમયની જોગવાઈઓ (Emergency Provisions)
5. જાહેર સેવા આયોગ (Public Service Commission)
6. ન્યાયતંત્રનું માળખું
7. વહીવટી વિગતો

**નોંધ :**

- ભારતના બંધારણમાં 'કટોકટી સમયની જોગવાઈઓ' ભારત શાસન અધિનિયમ, 1935માંથી લેવાયેલ છે. જ્યારે 'કટોકટી સમયે નાગરિકોના મૂળભૂત અધિકારો મોકૂફ રાખવાનો ખ્યાલ' એ જર્મનીના વાઈમર બંધારણમાંથી પ્રેરિત છે.

## રાષ્ટ્રીય દૂધ દિવસ

ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' (National Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.




- ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનની યાદમાં તેમનો જન્મદિન 26 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય દૂધ દિવસ' તરીકે ઉજવાય છે.
- ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ 26 નવેમ્બર 1921ના રોજ કેરળના કાલિકટ (વર્તમાન કોઝિકોડ) ખાતે થયો હતો.
- ડૉ. વર્ગીસ કુરિયન ભારતમાં શ્વેત ક્રાંતિના પિતા ગણાય છે. તેમણે ભારતમાં શરૂ કરેલા વિશ્વના સૌથી મોટા ડેરી વિકાસ કાર્યક્રમ 'ઓપરેશન ફ્લડ'ને કારણે ભારત 1998માં અમેરિકાને પાછળ રાખીને વિશ્વનો સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતો દેશ બન્યો હતો.

**નોંધ :** (1) ભારતમાં પ્રથમ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' 26 નવેમ્બર, 2014ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

(2) ભારતમાં 26 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' ઉજવાય છે. જ્યારે 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day) 1 જૂનના રોજ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નિકારાગુઆની સુશ્રી શેનીસ પલાસિયોસએ MISS Universe 2023નો તાજ જીત્યો



તાજેતરમાં અલ સાલ્વાડોરના સાન સાલ્વાડોરમાં જોસ એડોલ્ફો પિનેડા એરેના ખાતે 72મી મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સ્પર્ધામાં નિકારાગુઆની સુશ્રી શેનીસ પલાસિયોસએ 'મિસ યુનિવર્સ-2023'નો તાજ જીતી લીધો છે.
- અમેરિકાના સુશ્રી બોની ગેબ્રિયલએ સુશ્રી શેનીસ પલાસિયોસને 'મિસ યુનિવર્સ'નો તાજ પહેરાવ્યો હતો.
- આ અગાઉ સુશ્રી બોની ગેબ્રિયલએ 'મિસ યુનિવર્સ 2022'નો તાજ જીત્યો હતો, જ્યારે વર્ષ 2021માં ભારતના સુશ્રી હરનાઝ સંધુએ 'મિસ યુનિવર્સ'નો તાજ જીત્યો હતો.
- આ ઈવેન્ટમાં સુશ્રી શ્વેતા શારદાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

## Miss Universe

વિશ્વની ચાર મોટી સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

- જેમાંથી 28 જૂન, 1952ના રોજ મિસ યુનિવર્સ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.
- તેનો Motto અથવા તો આદર્શ વાક્ય **Confidently Beautiful** છે.
- વર્ષ 2023 સુધીમાં ભારતની ત્રણ યુવતીઓએ આ ખિતાબ જીત્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Miss Universe જીતનાર ભારતીય

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | સુશ્રી સુષ્મિતા સેન | 1994 |
| 2 | સુશ્રી લારા દત્તા | 2000 |
| 3 | સુશ્રી હરનાઝ સંધુ | 2021 |

1. 'વિશ્વ માલધારી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર **(C)**

2. 'રાષ્ટ્રીય દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર **(C)**

3. 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 નવેમ્બર (B) 1 જૂન (C) 26 નવેમ્બર (D) 21 જૂન **(B)**

4. ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર **(C)**

5. ભારતમાં બંધારણ સભા દ્વારા ભારતના બંધારણનો સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો હતો ?

(A) 26 નવેમ્બર, 1949 (B) 26 નવેમ્બર, 1948

(C) 26 નવેમ્બર, 1947 (D) 26 નવેમ્બર, 1951 **(A)**

6. 'મિસ યુનિવર્સ 2023' વિજેતા યુવતીનું નામ શું છે ?

(A) સુશ્રી એન્ડ્રિયા મેઝા (B) સુશ્રી રેહનુમ્મા સંધુ

(C) સુશ્રી શેનીસ પલાસિયોસ (D) સુશ્રી મોરાયા વિલ્સન **(C)**

7. 'મિસ યુનિવર્સ 2023'નો તાજ જીતનાર સુશ્રી શેનીસ પલાસિયોસના દેશનું નામ શું છે ?

(A) નિકારાગુઆ (B) થાઈલેન્ડ (C) પેરુ (D) અલ સાલ્વાડોર **(A)**

8. નીચેના પૈકી કઈ ભારતીય યુવતીએ મિસ યુનિવર્સનો તાજ જીતેલો છે ?

(A) સુષ્મિતા સેન (B) લારા દત્તા (C) હરનાઝ સંધુ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુ સંયુક્ત રાષ્ટ્ર પેનલ ઓફ એક્સ્ટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા



ભારતના વર્તમાન કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુને વર્ષ 2024 માટે યુનાઈટેડ નેશન્સ પેનલ ઓફ એક્સટર્નલ ઓડિટરના વાઈસ–ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- જે વૈશ્વિક ઓડિટ ગવર્નન્સમાં ભારતની ભાગીદારીમાં નોંધપાત્ર સિદ્ધિ છે.
- આ હોદ્દો ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યમથક ખાતે યોજાયેલ બાહ્ય ઓડિટર્સની પેનલના 60મા સત્ર દરમિયાન આપવામાં આવ્યો હતો.
- વૈશ્વિક સ્તરે 12 સર્વોચ્ચ ઓડિટ સંસ્થાઓના વડાઓની બનેલી બાહ્ય ઓડિટર્સની પેનલ, સંયુક્ત રાષ્ટ્ર સચિવાલય, ધિરાણ અને કાર્યક્રમો તથા વિશિષ્ટ એજન્સીઓના બાહ્ય ઓડિટની દેખરેખ રાખે છે.
- તેમની જવાબદારીઓમાં નાણાકીય અને કાર્યક્ષમતા ઓડિટ સહિત યુએન સંસ્થાઓની અંદર અનુપાલનની ખાતરી કરવા જેવી જવાબદારીઓની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.
- તેમાં કેનેડા, ચિલી, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, ફિલિપાઈન્સ, રશિયા, સ્વિત્ઝર્લેન્ડ અને યુનાઈટેડ કિંગ્ડમના પ્રતિનિધિઓ સામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બીજો CII ઈન્ડિયા નોર્ડિક-બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ-2023

તાજેતરમાં બીજો કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (CII-ભારતીય ઉદ્યોગ પરિસંઘ) ઈન્ડિયા નોર્ડિક–બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ 2023 નવી દિલ્હીમાં યોજાઈ હતી.

- જેનો ઉદ્દેશ્ય ભારત અને નોર્ડિક બાલ્ટિક આઠ (Nordic Baltic Eight-NB8) દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો હતો, જે નવીનતા અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં પ્રગતિ માટે જાણીતા છે.

### કોન્કલેવના મુખ્ય મુદ્દાઓ

ચર્ચાઓ મુખ્યત્વે ભારત અને નોર્ડિક–બાલ્ટિક દેશો વચ્ચે અનુભવો, નવીનતાઓ અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરીને ટકાઉપણુ તરફ ખાદ્ય પ્રણાલીના પરિવર્તન પર કેન્દ્રિત હતી.

- સહકારનો ઉદ્દેશ્ય આર્થિક, સામાજિક અને પર્યાવરણીય પરિમાણોને સમાવિષ્ટ સર્વગ્રાહી અભિગમ સાથે વૈશ્વિક પડકારોનો સામનો કરવાનો છે.

- વૈશ્વિક પુરવઠા શૃંખલાની સ્થિતિ સ્થાપકતા વધારવા, ટકાઉ દરિયાઈ પ્રથાઓને પ્રોત્સાહન આપવા, નવીનતાને પ્રોત્સાહિત કરવા અને ભારત તથા નોર્ડિક–બાલ્ટિક દેશો વચ્ચે વધુ દરિયાઈ સહયોગને પ્રોત્સાહન આપવા બ્લુ ઈકોનોમીના કાર્યક્ષમ સંચાલન પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત ચર્ચાઓ પુનઃપ્રાપ્ય ઊર્જા એકીકરણ, સંસાધન ઓળખ, નીતિ સમર્થન, ઊર્જા સંગ્રહ અને અદ્યતન તકનીકી પહેલ માટે ભારતના દબાણ પર કેન્દ્રિત હતી.
- તેનો ઉદ્દેશ્ય નવીન નોર્ડિક–બાલ્ટિક અર્થતંત્રોને સ્વચ્છ ઊર્જા–સંબંધિત તકનીકોને ઓળખવા અને અમલમાં મૂકવાનો ટેકો આપવાનો હતો.
- સહયોગની ચર્ચા મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવા માટે AI (કૃત્રિમ બુદ્ધિમતા), IOT અને સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગ જેવી અદ્યતન તકનીકોનો લાભ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- કોન્કલેવમાં ગ્રીન અને ટકાઉ સંક્રમણમાં ક્લાઈમેટ ફાઈનાન્સના મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.
- આ ચર્ચાનો ઉદ્દેશ્ય ભારત અને નોર્ડિક–બાલ્ટિક દેશો વચ્ચે આબોહવાની કાર્યવાહીને આગળ વધારવામાં વધુ સહકાર, ધિરાણ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચનાઓ અને ઉકેલોની શોધ કરવાનો હતો.
- જટિલ સામાજિક પડકારોને સંબોધવા માટે IT અને AIનો લાભ લેવા માટે ભારત અને નોર્ડિક–બાલ્ટિક દેશો વચ્ચે સહકારના સંભવિત ક્ષેત્રોની શોધ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નોર્ડિક બાલ્ટિક આઠ (NB8) શું છે ?

NB8 એ <u>પ્રાદેશિક સહકાર ફોર્મેટ</u> છે જે <u>નોર્ડિક દેશો</u> અને <u>બાલ્ટિક રાજ્યો</u>ને એક સાથે લાવે છે.

- તેમાં પાંચ નોર્ડિક દેશોનો સમાવેશ થાય છે : ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડન, તેમજ ત્રણ બાલ્ટિક રાજ્યો : ઓસ્ટોનિયા, લાતવિયા અને લિથુઆનિયા
- આ જૂથ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક સંબંધો વહેંચે છે.
- તથા રાજકીય, આર્થિક, વેપાર, સુરક્ષા અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં જોડાણ અને સહકારને પ્રોત્સાહન આપે છે.
- નોંધનીય છે કે નોર્ડિક દેશો ઉત્તર યુરોપમાં સ્થિત છે અને શાસન, સામાજિક પ્રણાલીઓ અને મૂલ્યોમાં સમાનતા ધરાવે છે.
- જ્યારે બાલ્ટિક રાજ્યો <u>ઉત્તરપૂર્વીય યુરોપમાં</u> સ્થિત છે અને તેમની અનન્ય ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ છે.

## લચિત દિવસ : 24 નવેમ્બર

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 નવેમ્બરના લચિત દિવસ નિમિત્તે શ્રી લચિત બોરફૂકનને શ્રદ્ધાંજલિ આપી હતી.



- શ્રી લચિત બોરફૂકન એ વર્તમાન આસામમાં સ્થિત અહોમ સામ્રાજ્યમાં સેનાપતિ અને બોરફૂકન (વાઈસરોય) હતા.
- તેઓ 1671માં સરાઈઘાટના યુદ્ધમાં તેમના નેતૃત્વ માટે જાણિતા છે.
- જ્યાં તેમણે આસામ પર વિજય મેળવવા માટે ઔરંગઝેબ દ્વારા મોકલવામાં આવેલી મુઘલ સેનાને હરાવી હતી.
- તેમનો જન્મ 24 નવેમ્બર, 1962ના રોજ અહોમ વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારી મોમાઈ તામુલી બોરબારૂઆને ત્યાં થયો હતો.
- તેઓ આસામની ઐતિહાસિક સ્વાયત્તતા અને સાંસ્કૃતિક ઓળખના પ્રતિક તરીકે ઓળખાય છે.
- તેમની જન્મજયંતિ દર વર્ષે 24 નવેમ્બરના રોજ લચિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




| | |
|---|---|
| **1.** તાજેતરમાં કયા ભારતીય વ્યક્તિ સંયુક્ત રાષ્ટ્ર પેનલ ઓફ એક્સ્ટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા છે ?<br>(A) શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુ (B) શ્રી ડી. વાય ચંદ્રચૂડ<br>(C) શ્રી પિયૂષ ગોયલ (D) શ્રી મનસુખ માંડવિયા | **(A)** |
| **2.** તાજેતરમાં બીજી CII ઈન્ડિયા નોર્ડિક–બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ, 2023 કયા સ્થળે યોજાઈ હતી ?<br>(A) ગાંધીનગર (B) મુંબઈ (C) અમદાવાદ (D) નવી દિલ્હી | **(D)** |
| **3.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'નોર્ડિક બાલ્ટિક આઠ' (NB8) વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?<br>1. NB8 એ પ્રાદેશિક સહકાર ફોર્મેટ છે જે નોર્ડિક દેશો અને બાલ્ટિક રાજ્યોને એક સાથે લાવે છે.<br>2. તેમાં પાંચ નોર્ડિક દેશોનો સમાવેશ થાય છે : ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડન<br>3. તથા આ જૂથમાં ત્રણ બાલ્ટિક રાજ્યો ઓસ્ટેનિયા, લાતવિયા અને લિથુઆનિયાનો સમાવેશ થાય છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2<br>(C) ફક્ત 1 (D) 1, 2 અને 3 | **(D)** |
| **4.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી લચિત બોરફૂકનને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી લચિત બોરફૂકન વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો.<br>1. તેઓ અહોમ સામ્રાજ્યમાં સેનાપતિ હતા.<br>2. તેઓ 1671માં સરાઈઘાટના યુદ્ધમાં તેમના નેતૃત્વ માટે જાણિતા હતા.<br>3. 1679માં થયેલ મણિપુર યુદ્ધ તેમના મહત્ત્વપૂર્ણ યુદ્ધોમાંનું એક હતું.<br>4. તેમની જન્મજયંતિ દર વર્ષે 24 નવેમ્બર 'લચિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો<br>(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4<br>(C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 | **(A)** |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત 2024 માટે આંતરરાષ્ટ્રીય સુગર ઓર્ગેનાઈઝેશનનું અધ્યક્ષ બન્યું

લંડનમાં યોજાયેલી 63મી કાઉન્સિલની બેઠક દરમિયાન કરાયેલી જાહેરાતને પગલે ભારતને 2024 માટે ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે.

- વૈશ્વિક ખાંડ ક્ષેત્રનું નેતૃત્વ કરવા માટે દેશ માટે આ એક મોટી સિદ્ધિ છે.

### ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન

આંતરરાષ્ટ્રીય ખાંડ સંગઠન (International Sugar Organization) વૈશ્વિક ખાંડ બજારના વિસ્તરણ માટે સમર્પિત એક મહત્ત્વપૂર્ણ આંતર–સરકારી સંસ્થા તરીકે સેવા આપે છે.

- તેની સ્થાપના 1968ના ઈન્ટરનેશનલ સુગર એગ્રીમેન્ટ દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક લંડન ખાતે સ્થિત છે.
- લગભગ 87 દેશોની સદસ્યતા સાથે ભારત પણ તેમાંથી એક છે, વિવિધ દેશો આ સંગઠનમાં સામેલ છે.
- ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO) 'ઈન્ટરનેશનલ સુગર એગ્રીમેન્ટ, 1992'નું સંચાલન કરે છે, જેના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(1) ખાંડ સંબંધિત બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવું.

(2) વૈશ્વિક ખાંડ અર્થતંત્રમાં સુધારો કરવા માટે આંતર–સરકારી ચર્ચાઓની સુવિધા આપવી.

(3) બજાર માહિતી એકત્રિત કરવી અને પ્રસારિત કરવી.

(4) ખાંડના વિસ્તૃત ઉપયોગને પ્રોત્સાહન આપવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં ખાંડ ઉદ્યોગની સ્થિતિ શું છે ?

ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉપભોક્તા અને બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

- વૈશ્વિક ખાંડના વપરાશમાં 15%નો નોંધપાત્ર હિસ્સો અને 20%ના મજબૂત ઉત્પાદન દર સાથે ભારતની વ્યૂહરચનાઓ આંતરરાષ્ટ્રીય ખાંડ બજાર પર નોંધપાત્ર અસર કરે છે.
- ભારત ખાંડ માટે પૂર્વીય ગોળાર્ધમાં માર્કેટ લીડર છે, જે પશ્ચિમી ગોળાર્ધમાં બ્રાઝિલના ગઢને પૂરક બનાવે છે.
- ખાંડ ઉદ્યોગના વિકાસ માટે ભૌગોલિક પરિસ્થિતિઓ :

(1) તાપમાન : ગરમ અને ભેજવાળી આબોહવા સાથે 21-27°C વચ્ચે

(2) વરસાદ : લગભગ 75-100 સેમી

- ભારતમાં ખાંડ ઉદ્યોગ મુખ્યત્વે બે પ્રાથમિક ઉત્પાદન વિસ્તારોમાં સ્થિત છે : ઉત્તરીય પટ્ટામાં ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા, પંજાબ અને બિહારનો સમાવેશ થાય છે.
- તથા દક્ષિણ પટ્ટામાં મહારાષ્ટ્ર, કર્ણાટક તમિલનાડુ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.
- દક્ષિણ પ્રદેશને ઉષ્ણકટિબંધીય આબોહવાથી ફાયદો થાય છે, જે પાકમાં ઉચ્ચ સુક્રોઝ સામગ્રી માટે અનુકૂળ છે, પરિણામે ઉત્તર ભારતની તુલનામાં એકમ વિસ્તાર દીઠ વધુ ઉપજ મળે છે.

## તેજસ ફાઈટર પ્લેનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઐતિહાસિક ઉડાન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સુપરસોનિક મલ્ટીરોલ ફાઈટર જેટ તેજસમાં ઉડાન ભરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.

- તેઓ આવી સિદ્ધિ હાંસલ કરનાર સરકારના પ્રથમ વડા બન્યા છે, જે ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓ માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.
- સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ 30 મિનિટની ઉડાન બેંગ્લુરુમાં એરક્રાફ્ટ સિસ્ટમ ટેસ્ટ એસ્ટાબ્લિશમેટથી થઈ હતી.

### તેજસ

તેજસ એ ભારતનું Single-engine, Delta wing, Multirole light fighter વિમાન છે.

- 'ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' હેઠળ કાર્યરત 'એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી' દ્વારા LCAની ડિઝાઈન કરવામાં આવી છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેનું ઉત્પાદન જાહેરક્ષેત્રની કંપની **HAL** દ્વારા કરવામાં આવે છે.
- તેજસ એ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં તૈયાર કરવામાં આવેલું સૌપ્રથમ યુદ્ધ વિમાન છે.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તરીકે ઓળખાતા આ વિમાનને 4 મે, 2003ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 'તેજસ' નામ આપ્યું હતું.
- ભારતમાં Mig-21ની જગ્યાએ ઉપયોગમાં લેવા માટે આ યુદ્ધ વિમાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેજસ વિમાનની વિશેષતા આ મુજબ છે :
  - (a) તેજસ એ તેની શ્રેણીનું સૌથી હલકુ, નાનુ અને Tailles (પૂંછડી વિનાનું) મલ્ટી–રોલ સુપરસોનિક ફાઈટર વિમાન છે.
  - (b) તે હવા–થી–હવા, હવા–થી–સપાટી, ચોકસાઈ–માર્ગદર્શિત અને શસ્ત્રોની શ્રેણીને વહન કરવા માટે રચાયેલ છે.
  - (c) તે મુસાફરી દરમિયાન આકાશમાં ઈંધણ ભરવા સક્ષમ છે.
  - (d) તેની મહત્તમ પેલોડ ક્ષમતા 4,000 કિગ્રા છે.
  - (e) તે મહત્તમ 1.8 મેકની ઝડપ પ્રાપ્ત કરી શકે છે.
  - (f) આ વિમાનની રેન્જ 3,000 કિ.મી છે.

**નોંધ :** લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) પ્રોગ્રામ 1984માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સરકાર દ્વારા LCA પ્રોગ્રામનું સંચાલન કરવા માટે એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA)ની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## HAL

HALનું પૂરું નામ 'Hindustan Aeronautics Limited' છે.

- HAL એ ભારતમાં કેન્દ્ર સરકારની માલિકીની 'Aerospace and Defence' કંપની છે.
- તેનું વડું મથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- 23 ડિસેમ્બર, 1940ના રોજ કર્ણાટકના બેંગાલુરુ ખાતે શ્રી વાલચંદ હિરાચંદ દ્વારા 'Hindustan Aircraft Limited' તરીકે HALની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1964માં તેનું નામ બદલીને 'Hindustan Aeronautics Limited' કરવામાં આવ્યું હતું.

## મલેશિયામાં ભારતીયોને વિઝા-મુક્ત પ્રવેશ




મલેશિયાના વડાપ્રધાન શ્રી અનવર ઈબ્રાહિમના જણાવ્યા અનુસાર શ્રીલંકા અને થાઈલેન્ડની તર્જ પર મલેશિયા 1 ડિસેમ્બરથી ભારતીયોને 30 દિવસ સુધીના રોકાણ માટે વિઝા ફ્રી એન્ટ્રી આપવા માટે જઈ રહ્યું છે.

- શ્રી અનવર ઈબ્રાહિમે તેમની પીપલ્સ જસ્ટિસ પાર્ટી કોંગ્રેસમાં ભાષણ દરમિયાન આ જાહેરાત કરી હતી.
- પર્યટન માટે મલેશિયાના ટોચના પાંચ સ્ત્રોત બજારોમાં ભારત અને ચીનનો સમાવેશ થાય છે.
- મલેશિયા ટૂરિઝમ પ્રમોશન બોર્ડના જણાવ્યા અનુસાર દેશમાં આ વર્ષે જૂન સુધીમાં 91 લાખ પ્રવાસીઓ આવ્યા હતા.
- જેમાંથી લગભગ પાંચ લાખ ચીનથી અને 2.8 લાખ ભારતમાંથી આવ્યા હતા.

Weekly Current Affairs ICE MAGIC / WEEK - 48

## TUESDAY Questions

1. કયો દેશ વર્ષ 2024 માટે 'આંતરરાષ્ટ્રીય સુગર ઓર્ગેનાઈઝેશન'નો અધ્યક્ષ બન્યો છે ?

   (A) જાપાન (B) બ્રાઝિલ (C) ભારત (D) ચીન **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન' (ISO) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તેની સ્થાપના 1968ના સુગર એગ્રીમેન્ટ દ્વારા કરવામાં આવી હતી.
   2. તેનું મુખ્યમથક લંડન ખાતે આવેલું છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1 (B) માત્ર 2
   (C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચેનામાંથી કયા ફાઈટર પ્લેનમાં ઐતિહાસિક ઉડાન ભરી હતી ?

   (A) તેજસ (B) વિક્રમ (C) મિગ-29 (D) રાફેલ **(A)**

4. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશના વડાપ્રધાનએ જાહેરાત કરી હતી કે તે તેમના દેશમાં ભારતીયોને 30 દિવસ સુધીના રોકાણ માટે વિઝા ફ્રી એન્ટ્રી આપશે ?

   (A) મલેશિયા (B) ચીન (C) ફિનલેન્ડ (D) કેનેડા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આઈરિશ લેખક શ્રી પોલ લિન્ચે બુકર પ્રાઈઝ 2023 જીત્યું




આઈરિશ લેખક શ્રી પોલ લિન્ચે તેમની નવલકથા 'પ્રોફેટ સોંગ' માટે બુકર પ્રાઈઝ 2023 જીત્યું છે.

- પ્રોફેટ સોન્ગ એક પરિવારની વાર્તા છે જે ભયાનક દુનિયા સામે ઝઝૂમી રહ્યું છે.
- શ્રી પોલ લિન્ચે જણાવ્યું કે તે આધુનિક અરાજકતાને દર્શાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.
- તેમનું પુસ્તક અનેક સમસ્યાઓ પર કેન્દ્રિત છે, જેમાં સીરિયાની સમસ્યા, વિસ્ફોટ, શરણાર્થી સંકટ અને પશ્ચિમી દેશોમાં અશાંતિ સહિત અનેક મુદ્દા સામેલ છે.
- બુકર પુરસ્કાર એ અંગ્રેજી બોલતા વિશ્વમાં અગ્રણી સાહિત્યિક પુરસ્કાર છે.
- દર વર્ષે આ પુરસ્કાર ન્યાયાધીશોના અભિપ્રાયમાં અંગ્રેજીમાં લખાયેલ અને યુનાઈટેડ કિંગ્ડમ અને આયર્લેન્ડમાં પ્રકાશિત થયેલા સાહિત્યના શ્રેષ્ઠ કાર્યને આપવામાં આવે છે.
- વિજેતાને 50,000 ગ્રેટ બ્રિટિશ પાઉન્ડ આપવામાં આવે છે.
- તથા શોર્ટલિસ્ટ થયેલા દરેક લેખકોને 2500 પાઉન્ડ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સતલજ નદીની રેતીમાંથી ટેન્ટેલમ નામની દુર્લભ ધાતુ મળી આવી

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), રોપરના સંશોધકોની ટીમે પંજાબમાં સતલજ નદીની રેતીમાં ટેન્ટેલમ નામના દુર્લભ ધાતુની હાજરી શોધી કાઢી છે.

### ટેન્ટેલમ વિશે



ટેન્ટેલમ સૌપ્રથમ 1802માં સ્વીડિશ રસાયણશાસ્ત્રી એન્ડર્સ ગુસ્તાફ એકેનબર્ગ દ્વારા શોધાયું હતું.

- તેનું નામ ગ્રીક પૌરાણિક આકૃતિ ટેન્ટાલસના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- ટેન્ટેલમ અણુ નંબર 73 સાથેની એક દુર્લભ ધાતુ છે.
- તે એક સખત, વાદળી–ગ્રે ચમકદાર સંક્રમણ ધાતુ છે જે કાટ માટે અત્યંત પ્રતિરોધક છે.
- તેની કઠિનતા હોવા છતા ટેન્ટેલમ નરમ હોય છે અને પાતળા વાયર અથવા શીટ્સમાં ખેંચી શકાય છે.
- મોટે ભાગે તેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં થાય છે.

- ટેન્ટેલમમાંથી બનેલા કેપિસિટર અન્ય કોઈપણ પ્રકારના કેપિસિટર કરતા વધુ લીકેજ વિના નાના કદમાં વધુ વીજળી સંગ્રહિત કરવામાં સક્ષમ છે.
- તેના ઉચ્ચ ગલનબિંદુના કારણે ટેન્ટેલમનો ઉપયોગ પ્લેટિનમના વિકલ્પ તરીકે થાય છે.
- તેનો ઉપયોગ રાસાયણિક પ્લાન્ટ્સ, પરમાણુ પાવર પ્લાન્ટ્સ તથા એરોપ્લેન અને મિસાઈલો માટેના ઘટકો માટે પણ થાય છે.

## 28મો યુરોપિયન યુનિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (EUFF) દિલ્હીમાં યોજાશે

28મો યુરોપિયન યુનિયન ફિલ્મ ફેસ્ટિવલ (EUFF) 1 થી 10 ડિસેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે.

- ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના સમૃદ્ધ સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી કરવા માટે એક સમર્પિત આ સિનેમેટિક ફેસ્ટિવલમાં 28 યુરોપિયન દેશોની 25 ભાષાઓમાં 28 ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે.
- એક નોંધપાત્ર પગલામાં આ વર્ષના ફેસ્ટિવલ માટે પસંદ કરાયેલી 18 ફિલ્મોનું દિગ્દર્શન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું છે.
- જે સિનેમામાં મહિલાઓને પ્રકાશિત કરવા અને સન્માનિત કરવા માટે કંપનીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.



**1.** તાજેતરમાં 'પ્રોફેટ સોંગ' માટે 2023નું બુકર પ્રાઈઝ કોણે જીત્યું છે ?

(A) શ્રી પોલ લિન્ચ (B) સુશ્રી ચેતના મારૂ

(C) સુશ્રી ઝુંપા લહિરી (D) શ્રી સલમાન રશ્દી **(A)**

**2.** 'બુકર પ્રાઈઝ' કયા ક્ષેત્રમાં આપવામાં આવતો પુરસ્કાર છે ?

(A) રમત–ગમત (B) ટેક્નોલોજી (C) પત્રકારત્વ (D) સાહિત્ય **(D)**

**3.** તાજેતરમાં સતલજ નદીની રેતીમાંથી કઈ દુર્લભ ધાતુ મળી આવી હતી ?

(A) ટાઈટેનિયમ (B) ટેન્ટેલમ (C) સ્કેન્ડિયમ (D) લિથિયમ **(B)**

**4.** 28મો યુરોપિયન યુનિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (EUFF) કયાં યોજાશે ?

(A) નવી દિલ્હી (B) ચંદીગઢ (C) જયપુર (D) મુંબઈ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ

## CERT-Inને RTI અધિનિયમના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવામાં આવી

ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ (DoPT) દ્વારા કેન્દ્રએ તાજેતરમાં ભારતીય કોમ્પ્યૂટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In)ને માહિતી અધિકાર અધિનિયમ, 2005ના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપતી સૂચના બહાર પાડી છે.

- CERT-In હવે RTI એક્ટ, 2005ના કાર્યક્ષેત્રની બહાર કાર્ય કરશે.
- તેની પ્રવૃત્તિઓ અને કામગીરી વિશેની માહિતી માટે જાહેર એક્સેસને મર્યાદિત કરશે.

### CERT-Inને કેવી રીતે મુક્તિ આપવામાં આવી ?

કેન્દ્રએ RTI અધિનિયમની કલમ 24(2) હેઠળ CERT-Inને પારદર્શિતા કાયદાના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવા માટે તેની સત્તાઓનો ઉપયોગ કર્યો છે.

- RTI એક્ટ, 2005ની કલમ 24(2) કેન્દ્ર સરકારને સરકાર દ્વારા સ્થાપિત ગુપ્ત માહિતી અથવા સુરક્ષા સંસ્થાઓને ઉમેરીને અથવા દૂર કરીને સૂચિમાં ફેરફાર કરવાની મંજૂરી આપે છે.
- જોકે આ પેટા–કલમ ભ્રષ્ટાચાર અને માનવાધિકારના ઉલ્લંઘનના આરોપો સંબંધિત માહિતીને લાગુ પડતું નથી, તથા જ્યાં આવા આક્ષેપો કરવામાં આવ્યા હોય તેવા કેસોને પણ લાગુ પડતું નથી.
- વધુમાં માનવાધિકાર ઉલ્લંઘનના આરોપો સંબંધિત માહિતી કેન્દ્રીય આયોગની મંજૂરી પછી જ આપી શકાશે.
- કેન્દ્ર, સત્તાવાર ગેઝેટમાં એક સૂચના દ્વારા બીજી સૂચિમાં સુધારો કરી શકે છે, પરંતુ એવી દરેક સૂચના સંસદના દરેક ગૃહ સમક્ષ મુકવામાં આવશે.
- RTI અધિનિયમની કલમ 24ની પેટા કલમ 4 હેઠળ રાજ્ય સરકારને સમાન સત્તાઓ આપવામાં આવી છે.
- તે સત્તાઓનો ઉપયોગ કરીને, કેન્દ્રએ CERT-Inને RTI અધિનિયમની બીજી સૂચિમાં 26 અન્ય ગુપ્તચર અને સુરક્ષા સંગઠનો સાથે સામેલ કર્યા છે જેમને એક્ટ દ્વારા પહેલાથી જ મુક્તિ આપવામાં આવી છે.

### CERT-In વિશે

CERT-In એ એક નોડલ એજન્સી છે જે હેકિંગ અને ફિશિંગ જેવા સાયબર સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે કામ કરે છે.

- તે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ કામ કરે છે.
- CERT-In જાન્યુઆરી 2004થી કાર્યરત છે.

## CERT-Inના કાર્યો

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ એક્ટ, 2008 મુજબ, CERT-Inને સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં નીચેના કાર્યો કરવા માટે રાષ્ટ્રીય એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે :

(1) સાયબર ઘટનાઓ પર માહિતીનો સંગ્રહ, વિશ્લેષણ અને પ્રસાર

(2) સાયબર સુરક્ષા ઘટનાઓની આગાહી અને ચેતવણી

(3) સાયબર સુરક્ષા ઘટનાઓ સાથે વ્યવહાર કરવા માટે કટોકટીના પગલા

(4) સાયબર ઘટના પ્રતિભાવ પ્રવૃત્તિઓનું સંકલન

(5) માહિતી સુરક્ષા પ્રથાઓ, પ્રક્રિયાઓ, નિવારણ, પ્રતિભાવ અને સાયબર ઘટનાઓની જાણ કરવા સંબંધિત માર્ગદર્શિકા, સલાહ, નબળાઈ નોંધો અને શ્વેતપત્રો જારી કરવા

## મહત્વ

CERT-In ભારત માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે દેશના મહત્ત્વપૂર્ણ માહિતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ એસેટને સાયબર હુમલાઓથી સુરક્ષિત કરવામાં મદદ કરે છે.

- તે દેશના વિવિધ ક્ષેત્રો જેમ કે સરકાર, સંરક્ષણ, બેંકિંગ, ટેલિકોમ વગેરેની સાયબર સ્થિતિસ્થાપકતા અને તત્પરતા વધારવામાં પણ મદદ કરે છે.
- તે સુરક્ષિત સાયબર વાતાવરણને પ્રોત્સાહન આપીને દેશની રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક વિકાસમાં પણ યોગદાન આપે છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઉત્તરકાશી ટનલ દુર્ઘટના

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રોજેક્ટના ભાગરૂપે બાંધકામ હેઠળની સિલ્ક્યારા–દાંડલગાંવ ટનલ 12 નવેમ્બરના રોજ વહેલી સવારે તૂટી પડતા 41 શ્રમિકો ટનલમાં ફસાઈ ગયા હતા.



- ત્યારબાદ 17 દિવસ બાદ એટલે કે 28 નવેમ્બરના રોજ તમામ શ્રમિકોને સુરક્ષિત રીતે ટનલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.
- સિલ્ક્યારી ટનલની અંદર ફસાયેલા 41 કામદારોને બચાવવા માટે રેટ–હોલ માઈનિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- NDRF અને SDRFની ટીમો પાઈપ દ્વારા શ્રમિકો સુધી પહોંચી હતી અને પછી તેમને બહાર કાઢવાની કામગીરી સોંપાઈ હતી.
- ટનલમાંથી શ્રમિકોને બહાર કાઢવા માટે NDRF, SDRF, ભારતીય સૈન્ય, વિદેશી ટનલ નિષ્ણાતો સહિત અનેક એજન્સીઓની અથાગ મહેનત બાદ શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા.
- ફસાયેલા શ્રમિકોને ટનલમાંથી બહાર લાવનારા નિષ્ણાતોમાં શ્રી આર્નોલ્ડ ડિક્સની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી આર્નોલ્ડ ડિક્સ અંડરગ્રાઉન્ડ અને ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નિષ્ણાત છે.
- તેઓ જીનિવા સ્થિત ઈન્ટરનેશનલ ટનલીંગ એન્ડ અંડરગ્રાઉન્ડ સ્પેસ એસોસિએશનના પ્રમુખ છે.

## ટનલ તૂટી પડવાનું સંભવિત કારણ શું હોઈ શકે ?

ઉત્તરાખંડમાં સિલ્ક્યારા ટનલ કેન્દ્ર સરકારના મહત્ત્વાકાંક્ષી ચારધામ ઓલ વેધર રોડ પ્રોજેક્ટનો એક ભાગ છે.

- ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની સંપૂર્ણ માલિકીની કંપની નેશનલ હાઈવેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NHIDCL) દ્વારા ટનલમાં બાંધકામ માટેનું ટેન્ડર હૈદરાબાદની નવયુગ એન્જિનિયરિંગ કંપનીને આપવામાં આવ્યું હતું.
- ટનલ તૂટી પડવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ સંભવિત કારણ આ હોઈ શકે છે :
  - (a) સુરંગના મુખથી લગભગ 200-300 મીટરના અંતરે સ્થિત ભાંગી પડેલા વિભાગમાં અજાણ્યા ખંડિત અથવા નબળા ખડક હોઈ શકે છે.
  - (b) આ ક્ષતિગ્રસ્ત ખડકમાંથી પાણીનો પ્રવાહ, જે સમય જતા ખડકના છૂટક કણોને નષ્ટ કરી નાખે છે તેણે ટનલની રચના ઉપર એક અદશ્યતા શૂન્યતા ઊભી કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રેટ-હોલ માઈનિંગ શું છે ?

રેટ–હોલ માઈનિંગ એ મેઘાલયમાં પ્રચલિત સાંકડી, આડી સીમમાંથી કોલસો કાઢવાની એક પદ્ધતિ છે.

- રેટ હોલ (ઉંદર છિદ્ર) શબ્દ જમીનમાં ખોદવામાં આવેલા સાંકડા છિદ્રોનો સંદર્ભ આપે છે.
- જે સામાન્ય રીતે વ્યક્તિ માટે સુરંગમાંથી પસાર થઈ શકે અને કોલસો કાઢી શકે તેટલા મોટા હોય છે.
- એકવાર ખાડો ખોદવામાં આવે તે પછી ખાણ કર્મચારીઓ કોલસાની સીમ સુધી પહોંચવા માટે દોરડા અથવા વાંસની સીડીનો ઉપયોગ કરે છે.
- ત્યારબાદ કોલસો મેન્યુઅલી અથવા પરંપરાગત રીતે પીક્સ, પાવડો અને બાસ્કેટ જેવા આદિમ સાધનોનો ઉપયોગ કરીને બહાર કાઢવામાં આવે છે.

- તેના પ્રકાર નીચે મુજબ છે :
  - (a) સાઈડ–કટીંગ પ્રક્રિયા : સાઈડ–કટીંગ પ્રક્રિયામાં ટેકરીના ઢોળાવ પર સાંકડી ટનલ ખોદવામાં આવે છે અને કોલસાની સીમ ન મળે ત્યાં સુધી કામદારો ઊંડે સુધી જાય છે.
  - મેઘાલયની પહાડીઓમાં કોલસાનું સ્તર સામાન્ય રીતે બે મીટરથી ઓછું હોય છે.
  - (b) બોક્સ–કટીંગ : બોક્સ–કટિંગમાં એક લંબચોરસ રસ્તો બનાવવામાં આવે છે, જે 10 થી 100 ચોરસ મીટરનો હોય છે અને તેના દ્વારા 100 થી 400 ફૂટ ઉભો ખાડો ખોદવામાં આવે છે.
  - એકવાર કોલસાની સીમ મળી જાય પછી ઉંદરના છિદ્ર આકારની ટનલ આડી રીતે ખોદવામાં આવે છે જેના દ્વારા કામદારો કોલસો કાઢી શકે છે.

**નોંધ :** (1) નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ 2014માં રેટ હોલ માઈનિંગ અવૈજ્ઞાનિક હોવાના કારણે પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ મોટા પાયે તે ચાલું છે.

(2) પૂર્વોત્તર રાજ્યમાં અનેક અકસ્માતોમાં રેટ–હોલના કારણે મૃત્યુ થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ટનલ બાંધકામના મહત્ત્વના પાસાઓ

ટનલ ખોદવાની તકનીકો નીચે મુજબ છે :

(1) ડ્રિલ એન્ડ બ્લાસ્ટ મેથડ (DBM) :



- તેમાં ખડકમાં છિદ્રો ડ્રિલિંગ અને તોડવા માટે વિસ્ફોટકોનો ઉપયોગ સામેલ છે.
- પડકારરૂપ ભૂપ્રદેશના કારણે વારંવાર જમ્મુ–કાશ્મીર અને ઉત્તરાખંડ જેવા વિસ્તારોમાં ડ્રિલ એન્ડ બ્લાસ્ટ મેથડનો ઉપયોગ થાય છે.

(2) ટનલ–બોરિંગ મશીનો (TBM) :

- પ્રીકાસ્ટ કોંક્રિટ વિભાગો સાથે ટનલને પાછળથી ટેકો આપતી વખતે ખડકમાં તે બોર છિદ્રો બનાવે છે.
- તે એક વધુ ખર્ચાળ પરંતુ સલામત પદ્ધતિ છે.
- જ્યારે ખડકનું આવરણ 400 મીટર સુધી ઊંચું હોય ત્યારે TBMનો ઉપયોગ આદર્શ માનવામાં આવે છે.
- દિલ્હી મેટ્રો માટે અંડરગ્રાઉન્ડ ટનલ TBMનો ઉપયોગ કરીને છીછરી ઊંડાઈએ ખોદવામાં આવી હતી.

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 નવેમ્બર (B) 29 નવેમ્બર (C) 28 નવેમ્બર (D) 27 નવેમ્બર **(A)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે કઈ સંસ્થાને માહિતી અધિકાર અધિનિયમ, 2005ના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપી છે ?

(A) RBI (B) SEBI (C) CERT-In (D) ECI **(C)**

3. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'CERT-In' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક નોડલ એજન્સી છે જે હેકિંગ અને ફિશિંગ જેવા સાયબર સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે કામ કરે છે.
2. તે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય હેઠળ કામ કરે છે.
3. તે જાન્યુઆરી, 1999 થી કાર્યરત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

4. તાજેતરમાં સિલક્યારા ટનલ દુર્ઘટનામાં 41 મજૂરો ટનલમાં ફસાયા હતા. આ ટનલ કયા રાજ્યમાં નિર્માણધિન છે ?

(A) ઉત્તરાખંડ (B) હિમાચલ પ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) સિક્કિમ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 ડિસેમ્બર, (1) વિશ્વ એઈડ્સ દિવસ
## (2) BSF સ્થાપના દિવસ

એઈડ્સ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1988થી થયો હતો.
- વિશ્વ એઈડ્સ દિવસનો સિમ્બોલ 'રેડ રિબિન' છે.
- લાલ રિબિન HIV પોઝેટિવ તથા એઈડ્સ ધરાવતા લોકો સાથે એકતા માટેનું વૈશ્વિક પ્રતિક છે.
- AIDSનું પૂરું નામ 'Acquired Immune Deficiency Syndrome' છે.
- આ રોગ HIVનો ચેપ લાગવાથી થાય છે.
- HIVનું પૂરું નામ 'Human Immunodefficiency Virus' છે.
- વર્ષ 2023ની 'વિશ્વ એઈડ્સ દિવસ'ની થીમ 'Let Communities Lead' છે.

## લદ્દાખમાં નાઈટ સ્કાય અભયારણ્ય

ભારત સરકારે તાજેતરમાં લદ્દાખમાં દક્ષિણપૂર્વ એશિયાનું પ્રથમ નાઈટ સ્કાય અભયારણ્ય સ્થાપવાની જાહેરાત કરી છે.



- તે ચાંગથાંગ વન્યજીવ અભયારણ્યના ભાગરૂપે લદ્દાખના હનલે (અથવા હેનલે) ગામમાં સ્થિત હશે.
- તેની સ્થાપના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, બેંગ્લોરની સહાયથી કરવામાં આવી રહી છે, જે ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે જોડાયેલ છે.
- 1073 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ ભારતીય એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરીની બાજુમાં આવેલું છે, તે વિશ્વનું બીજું સૌથી ઊંચું ઓપ્ટિકલ ટેલિસ્કોપ છે.
- તે ભારતમાં ખગોળ પ્રવાસનને પ્રોત્સાહન આપશે અને ઓપ્ટિકલ, ઈન્ફ્રા–રેડ અને ગામા–રે ટેલિસ્કોપ માટે વિશ્વના ટોચના સ્થળોમાંનું એક હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મધ્યપ્રદેશના દમોહમાં ભારતનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ બનાવવામાં આવશે

મધ્યપ્રદેશમાં દમોહ જિલ્લો દેશનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ બનવા માટે તૈયાર છે.

- મધ્યપ્રદેશના દમોહમાં આવેલ દુર્ગાવતી અભયારણ્યની સાથે નોરાદેહી અભયારણ્યના જોડાણ માટે કેન્દ્ર સરકારની મંજૂરી સાથે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત થયું છે.
- આ નિર્ણય 2300 ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેતા દમોહ જિલ્લાને દેશના સૌથી મોટા વાઘ અભયારણ્ય માટેના સ્થાન તરીકે સ્થાપિત કરે છે.
- દમોહ જિલ્લાના જબેરા વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરીને બે અભયારણ્યોના વિલિનીકરણને મંજૂરી આપતી કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરની સૂચના ભારતની સમૃદ્ધ જૈવવિવિધતા જાળવવાના સમર્પિત પ્રયાસને પ્રતિબિંબિત કરે છે.

## 37th National Games




તાજેતરમાં '37મી નેશનલ ગેમ્સ'નું આયોજન 25 ઓક્ટોબર થી 9 નવેમ્બર, 2023 દરમિયાન ગોવામાં કરવામાં આવ્યું હતું.

- 37મી નેશનલ ગેમ્સ ગોવામાં માપુસા, પણજી, પેન્ડા, વાસ્કો અને માર્ગો જેવા શહેરમાં યોજાઈ હતી.
- તથા સાયકલિંગ (ટ્રેક) અને ગોલ્ફ ઈવેન્ટસ દિલ્હીમાં યોજાઈ હતી.
- 37મી નેશનલ ગેમ્સમાં 28 રાજ્યો, 8 કેન્દ્રશાસિત પ્રદેશ અને એક ભારતીય સશસ્ત્ર દળોનું પ્રતિનિધિત્વ કરતી ટીમ (સર્વિસિસ) એમ કુલ 37 ટીમોએ ભાગ લીધો હતો.
- વર્ષ 2023માં યોજાયેલ આ 37મી નેશનલ ગેમ્સમાં કુલ રમતોમાં અંદાજિત 10,000 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ વર્ષે નેશનલ ગેમ્સમાં બીચ ફૂટબોલ, રોલ બોલ, સેપાક્ટાક્રો, સ્કાય માર્શલ આર્ટ, કલ્લિયારાપટ્ટુ અને પેનકેક સિલાટ સહિત અનેક નવી રમતોનો સમાવેશ થયો હતો.
- આ ગેમ્સની છેલ્લી આવૃત્તિ વર્ષ 2022માં ગુજરાતમાં યોજાઈ હતી.

### 37મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 37મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન ગોવાના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં કરવામાં આવ્યું હતું.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ભારત 2036માં ઓલિમ્પિકની યજમાની કરવા માટે તૈયાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- રાષ્ટ્રીય હોકી ટીમના કેપ્ટન શ્રી હરમનપ્રિત સિંહે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને નેશનલ ગેમ્સની મશાલ સોંપી હતી.

## માસ્કોટ અને સુત્ર



37મી નેશનલ ગેમ્સનું સત્તાવાર માસ્કોટ 'મોગા' (Moga) હતું.

- માસ્કોટ એ ભારતીય બાઈસનનું પ્રતિનિધિત્વ છે.
- મોગા શબ્દ કોંકણી ભાષામાંથી આવ્યો છે, જેનો અર્થ થાય છે પ્રેમ.
- જ્યારે 37મી નેશનલ ગેમ્સનું સુત્ર અથવા Motto 'Get Set Goa' હતું.

## મેડલ ટેબલ

37મી નેશનલ ગેમ્સ મેડલ ટેલીમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે રહ્યું છે.

- મહારાષ્ટ્ર 80 ગોલ્ડ, 69 સિલ્વર, 79 બ્રોન્ઝ સહિત કુલ 228 મેડલ સાથે ટોચ પર રહ્યું છે.
- ત્યારબાદ સર્વિસિસ બીજા અને હરિયાણા ત્રીજા ક્રમાંકે રહ્યું છે.
- ગુજરાત આ મેડલ ટેલીમાં 17માં ક્રમે રહ્યું છે.
- ગુજરાતે 8 ગોલ્ડ, 2 સિલ્વર, 21 બ્રોન્ઝ સહિત કુલ 31 મેડલ જીત્યા હતા.

### 37મી નેશનલ ગેમ્સ મેડલ ટેલી

| ક્રમ | રાજ્ય/અન્ય | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | મહારાષ્ટ્ર | 80 | 69 | 79 | 228 |
| 2 | સર્વિસિસ | 66 | 27 | 33 | 126 |
| 3 | હરિયાણા | 62 | 55 | 75 | 192 |
| 4 | મધ્યપ્રદેશ | 37 | 36 | 39 | 112 |
| 5 | કેરળ | 36 | 24 | 27 | 87 |
| 17 | ગુજરાત | 8 | 2 | 21 | 31 |

નોંધ :(1) સર્વિસિસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ (SSCB) એ ભારતીય સશસ્ત્રો દળો દ્વારા સંચાલિત સ્પોર્ટ્સ બોર્ડ છે.

(2) તેની રચના 1919માં આર્મી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તરીકે કરવામાં આવી હતી. અને બાદમાં તેનું નામ બદલીને સર્વિસિસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ રાખવામાં આવ્યું હતું.

(3) બોર્ડને નેશનલ ગેમ્સમાં સેવાઓ અથવા સર્વિસિસ તરીકે રજૂ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 37મી નેશનલ ગેમ્સમાં મહત્ત્વના એવોર્ડ

37મી નેશનલ ગેમ્સમાં કર્ણાટકના શ્રીહરિ નટરાજ (8 ગોલ્ડ, 1 સિલ્વર, 1 બ્રોન્ઝ)એ 'શ્રેષ્ઠ પુરુષ એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે.

- શ્રીહરિ નટરાજ ભારતના પ્રસિદ્ધ ઓલિમ્પિક સ્વિમર છે.
- જ્યારે જિમ્નાસ્ટ સુશ્રી સંયુક્તા પ્રસેન કાલે અને સુશ્રી પ્રણતિ નાયક (4 ગોલ્ડ, 1 સિલ્વર)ને સંયુક્ત રીતે 'શ્રેષ્ઠ મહિલા એથ્લેટ'નો એવોર્ડ એનાયત થયો છે.
- સૌથી વધુ 228 મેડલ સાથે ટોચના ક્રમે રહેનાર મહારાષ્ટ્રને 'રાજા ભાલિન્દ્ર સિંઘ ટ્રોફી' એનાયત કરવામાં આવી છે.

## નેશનલ ગેમ્સ

નેશનલ ગેમ્સની શરૂઆત ઓલિમ્પિક ચળવળમાંથી થઈ હતી, જે 1920ના દાયકામાં ભારતમાં અત્યંત લોકપ્રિય બની હતી.

- શરૂઆતના વર્ષોમાં ભારતની રાષ્ટ્રીય રમતોનું આયોજન ભારતીય ઓલિમ્પિક રમતો દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સની પ્રથમ આવૃત્તિ 1924માં લાહોર (વર્તમાન પાકિસ્તાન)માં યોજાઈ હતી.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સને 1940ના દાયકાની શરૂઆતમાં રાષ્ટ્રીય રમત તરીકે નિયુક્ત કરવામાં આવી હતી.
- ઉત્તરપ્રદેશના લખનૌ શહેરે સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રીય રમતોની શરૂઆતની આવૃત્તિનું આયોજન કર્યુ હતું.
- આ ગેમ્સનો સમયગાળો અને નિયમો ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.
- હવે પછી વર્ષ 2024માં ઉત્તરાખંડમાં 38મી નેશનલ ગેમ્સનું આયોજન થશે.



| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ એઈડ્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 29 નવેમ્બર (B) 30 નવેમ્બર (C) 1 ડિસેમ્બર (D) 2 ડિસેમ્બર | (C) |
| 2. | BSF સ્થાપના દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 29 નવેમ્બર (B) 30 નવેમ્બર (C) 1 ડિસેમ્બર (D) 2 ડિસેમ્બર | (C) |
| 3. | વર્ષ 2023ના 'વિશ્વ એઈડ્સ દિવસ'ની થીમ શું છે ?<br>(A) Communities make the difference (B) My health, my Right<br>(C) Know your status (D) Let Communites lead | (D) |
| 4. | ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'નાઈટ સ્કાય અભયારણ્ય'ની સ્થાપના કરવામાં આવશે ?<br>(A) લદાખ (B) જમ્મુ કાશ્મીર (C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ | (A) |
| 5. | તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર દમોહમાં ભારતનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ બનાવવામાં આવશે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) છત્તીસગઢ | (B) |
| 6. | તાજેતરમાં '37મી નેશનલ ગેમ્સ'નું આયોજન કયા રાજ્યમાં થયું હતું ?<br>(A) ગોવા (B) કેરળ (C) મધ્યપ્રદેશ (D) હરિયાણા | (A) |
| 7. | 37મી નેશનલ ગેમ્સનું સત્તાવાર માસ્કોટ શું હતું ?<br>(A) વાઘ (Vagh) (B) હિમાલય (Himalay)<br>(C) મોગા (Moga) (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** 37મી નેશનલ ગેમ્સમાં કયું રાજ્ય મેડલ ટેલીમાં ટોચ પર રહ્યું છે ?

(A) હરિયાણા (B) મધ્યપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ — **(C)**

**9.** 37મી નેશનલ ગેમ્સમાં મેડલ ટેલીમાં ગુજરાત કયા ક્રમે રહ્યું છે ?

(A) 14 (B) 15 (C) 16 (D) 17 — **(D)**

**10.** 37મી નેશનલ ગેમ્સમાં કોણે 'શ્રેષ્ઠ પુરુષ એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે ?

(A) શ્રી નીરજ ચોપડા (B) શ્રી સાજન પ્રકાશ

(C) શ્રી અવિનાશ સેબલ (D) શ્રી શ્રીહરિ નટરાજ — **(D)**

**11.** 37મી નેશનલ ગેમ્સમાં કઈ ટીમ (રાજ્ય/અન્ય)ને 'રાજા ભાલિન્દ્ર સિંઘ' ટ્રોફી એનાયત કરવામાં આવી છે ?

(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) સર્વિસિસ (D) ગુજરાત — **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 02 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન
## (2) ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ
## (3) વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ

### રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન



ભારતમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં મધ્યપ્રદેશના ભોપાલમાં 2 અને 3 ડિસેમ્બર 1984ના રોજ થયેલી ગેસ દુર્ઘટનામાં હજારો લોકોના મૃત્યુ થયા હતા.
- ભોપાલની યુનિયન કાર્બાઈડ (યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમેટેડ-UCIL) નામની જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓમાંથી મિથાઈલ આઈસોસાઈનેટ (MIC) નામનું ઝેરી રસાયણ લીક થવાથી આ દુર્ઘટના ઘટી હતી.
- આ દુર્ઘટનાને વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઔદ્યોગિક આપત્તિ માનવામાં આવે છે.
- આથી ભારતમાં ઔદ્યોગિક આપત્તિના વ્યવસ્થાપન અને નિયંત્રણ તથા પ્રદૂષણ અંગે લોક જાગૃતિ કેળવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 9મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX)

તાજેતરમાં 9મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX) ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા ગુજરાતના વાડીનાર ખાતે હાથ ધરવામાં આવી હતી.

- NATPOLREX-IX એ નેશનલ ઓઈલ સ્પિલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન (NOSDCP)ની જોગવાઈઓનો ઉપયોગ કરીને દરિયાઈ તેલના પ્રકોપના પ્રતિભાવમાં વિવિધ સંસાધન એજન્સીઓ વચ્ચે સજ્જતા અને સંકલનનું સ્તર ચકાસવાના તેના ઉદ્દેશ્યને પૂર્ણ કર્યો હતો.
- ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)એ પોલ્યુશન રિસ્પોન્સ વેસેલ્સ (PRV), ઓફશોર પેટ્રોલ વેસેલ્સ (OPV), સ્વદેશી એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર MK-III અને ડોર્નિયર એરક્રાફ્ટ સહિત દરિયાઈ પ્રદૂષણ પ્રતિભાવ માટે સપાટી તેમજ એર પ્લેટફોર્મ તૈનાત કર્યા હતા.

- આ ઈવેન્ટમાં 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનના સંદર્ભમાં ભારતની ઔદ્યોગિક શક્તિનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.
- NOSDCPની રચના કરવા ઉપરાંત કોસ્ટ ગાર્ડે મુંબઈ, ચેન્નાઈ, પોર્ટબ્લેર અને વાડીનાર(દેવભૂમિ દ્વારકા) ખાતે ચાર પ્રદૂષણ પ્રતિભાવ કેન્દ્ર સ્થાપ્યા છે.

## વોકિંગ ન્યુમોનિયા



તાજેતરમાં વોકિંગ ન્યુમોનિયા નામની એક રહસ્યમય ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી ચીનમાં સ્કૂલના બાળકોને ત્રાટકી છે.

- આ રોગ ફાટી નિકળવાનું ચોક્કસ કારણ અજ્ઞાત છે, પરંતુ તબીબી નિષ્ણાતોનું અનુમાન છે કે તે માયકોપ્લાઝમાં ન્યુમોનિયા સાથે સંકળાયેલ હોઈ શકે છે, જે સામાન્ય બેક્ટેરિયલ ચેપ 'વોકિંગ ન્યુમોનિયા' તરીકે ઓળખાય છે.
- ચાઈનિઝ અધિકારીઓ દાવો કરે છે કે તેમાં માયકોપ્લાઝમા ન્યુમોનિયા, એડેનોવાયરસ અને ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ જેવા પેથોજેન્સનો સમાવેશ થાય છે, જે SARS કોરોનાવાયરસ જેવા નવા પેથોજેન્સને નકારી કાઢે છે.

### વોકિંગ ન્યુમોનિયા શું છે ?

વોકિંગ ન્યુમોનિયા, જેને એટીપલ ન્યુમોનિયા તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે ન્યુમોનિયાનું હળવું સ્વરૂપ છે જે માયકોપ્લાઝમા ન્યુમોનિયા જેવા બેક્ટેરિયાના કારણે થાય છે.
- તેને 'વોકિંગ ન્યુમોનિયા' કહેવામાં આવે છે કારણ કે તેના લક્ષણો ઘણીવાર એટલા હળવા હોય છે કે વ્યક્તિ બેડ રેસ્ટ અથવા હોસ્પિટલમાં દાખલ થયા વગર તેની દૈનિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકે છે.
- આ સ્થિતિ બાળકોમાં વધુ પ્રચલિત છે, ખાસ કરીને 5 થી 15 વર્ષના બાળકો, જેઓ શાળામાં એકબીજાના નજીકના સંપર્કમાં આવે છે, જેનાથી સરળતાથી આ રોગનું સંક્રમણ પરિવારના સભ્યમાં ફેલાય છે.
- તેનું પ્રસરણ ઉધરસ છીંક કે વાત કરતી વખતે બહાર નીકળતા હવાના ટીપાં દ્વારા થાય છે, જે નજીકના સંપર્કને કારણે ચેપ ફેલાવવાનું એક મહત્વપૂર્ણ પરિબળ બની જાય છે.
- તેના લક્ષણોમાં સતત ઉધરસ, તાવ, ગળામાં દુખાવો, માથાનો દુખાવો, નાક વહેવું, કાનમાં દુખાવો અને ક્યારેક ઉધરસના કારણે છાતીમાં અસ્વસ્થતાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 1. | ભારતમાં 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર | (B) |
| 2. | ભારતમાં કઈ ઘટનાની યાદમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) પતરાલુ પરમાણુ દુર્ઘટના (B) આસામ ગેસ દુર્ઘટના<br>(C) સુએજ પરમાણુ દુર્ઘટના (D) ભોપાલ ગેસ દુર્ઘટના | (D) |
| 3. | ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટના ક્યારે ઘટી હતી ?<br>(A) 2-3 ડિસેમ્બર, 1983 (B) 2-3 ડિસેમ્બર, 1984<br>(C) 2-3 ડિસેમ્બર, 1985 (D) 2-3 ડિસેમ્બર, 1986 | (B) |
| 4. | સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'ગુલામી નાબૂદીના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર | (B) |
| 5. | 'વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 2 ડિસેમ્બર (B) 3 ડિસેમ્બર (C) 4 ડિસેમ્બર (D) 5 ડિસેમ્બર | (A) |
| 6. | 9મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX) કયાં યોજાઈ હતી ?<br>(A) વાડીનાર, ગુજરાત (B) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ<br>(C) કામરાઝ, તલિમનાડુ (D) કાકીનાડા, આંધ્રપ્રદેશ | (A) |
| 7. | તાજેતરમાં 'વોકિંગ ન્યુમોનિયા' નામની એક રહસ્યમય ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી ચીનમાં સ્કૂલના બાળકોને ત્રાટકી છે. આ 'વોકિંગ ન્યુમોનિયા' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>1. તે ન્યુમોનિયાનું હળવું સ્વરૂપ છે, જે માયકોપ્લાઝમા ન્યુમોનિયા જેવા બેકટેરિયાના કારણે થાય છે.<br>2. વોકિંગ ન્યુમોનિયા બાળકોમાં સૌથી વધુ પ્રસરિત થાય છે.<br>3. સતત ઉધરસ, તાવ, ગળામાં દુખાવો, માથાનો દુખાવો, કાનમાં દુખાવો વગેરે તેમના લક્ષણો છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો<br>(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3<br>(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **ગુજરાત સરકાર અયોધ્યા ખાતે યાત્રી ભવન સ્થાપશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર એવા પ્રખ્યાત યાત્રાધામ અયોધ્યા ખાતે વિશાળ યાત્રી ભવન (તીર્થયાત્રીઓનું ભવન) બાંધવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રી રામચંદ્રજીના ભવ્ય મંદિરના સાક્ષી બનવા માટે અયોધ્યાની મુલાકાતે આવતા ભક્તોને રહેવા અને રહેઠાણની સુવિધા આપવા માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા યાત્રી ભવનનું નિર્માણ કરવામાં આવશે. નોંધનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાયબ્રન્ટ ગુજરાત સમિટ 2024ના પ્રચાર માટે જાપાન જતા પહેલા અયોધ્યાની મુલાકાત લીધી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **આયુષ્માન આરોગ્ય મંદિર**




એક મહત્ત્વપૂર્ણ પગલામાં કેન્દ્ર સરકારે હાલના આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ (AB-HWC)નું નામ બદલીને 'આયુષ્માન આરોગ્ય મંદિર' કરવાની જાહેરાત કરી છે. આ રિબ્રાન્ડિંગ પહેલનો ઉદ્દેશ આયુષ્માન ભારતના વિઝનને આગળ વધારવા અને હેલ્થકેર ડિલિવરીમાં પરિવર્તન કરવાનો છે. તેની નવી ટેગલાઈન 'આરોગ્યમ પરમ ધનમ્' છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 2023ના અંત સુધીમાં રિબ્રાન્ડિંગ પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. આ નામ બદલવાની પહેલને આયુષ્માન ભારતના વ્યાપક ધ્યેયોને સાકાર કરવા અને દેશમાં પ્રાથમિક આરોગ્ય સંભાળના લેન્ડસ્કેપને વધારવાના એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે. નોંધનીય છે કે નેશનલ હેલ્થ મિશન (NHM)નો લોગો રિબ્રાન્ડેડ કેન્દ્રોમાં જાળવી રાખવામાં આવશે.

➤ **Basic Animal Husbandry Statistics 2023 રિપોર્ટ**

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા બહાર પાડવામાં આવેલ મૂળભૂત પશુપાલન આંકડા 2023 અહેવાલ, નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન ભારતમાં દૂધ, ઈંડા અને માંસના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. વર્ષ 2022-23માં ભારતનું દૂધ ઉત્પાદન 230.58 મિલિયન ટન સુધી પહોંચશે, જે વાર્ષિક ધોરણે 3.8% વધારે છે. ઉત્તરપ્રદેશનો ફાળો સૌથી વધુ 15.7% છે, ત્યારબાદ રાજસ્થાન (14.14%), મધ્યપ્રદેશ (8.73%), ગુજરાત (7.49%) અને આંધ્રપ્રદેશ (6.70%) છે. દૂધમાં કર્ણાટકે સૌથી વધુ વાર્ષિક વૃદ્ધિ દર નોંધાવ્યો છે. આંધ્રપ્રદેશ 20.1%ના હિસ્સા સાથે અગ્રણી ઈંડા ઉત્પાદક તરીકે ઉભરી આવ્યું છે. જ્યારે માસના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશનો સૌથી વધુ 12.2% ફાળો છે.

➤ **ભારતીય સેના સરહદી વિસ્તારોને આધુનિક બનાવવા માટે 200 માઉન્ટેડ હોવિત્ઝર્સ ખરીદશે**

ચીન સાથે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ જેવા ઊંચાઈવાળા સરહદી વિસ્તારોમાં તેની મોબાઈલ ફાયરપાવર વધારવાના પ્રયાસરૂપે ભારતીય સેના 105mm બંદૂકોથી સજ્જ 200 નવા માઉન્ટેડ હોવિત્ઝર્સની ખરીદી માટે ટેન્ડર બહાર પાડવાની તૈયારીમાં છે. આ મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટનો હેતુ ભારતીય આર્ટિલરીમાં 105mm માઉન્ટેડ હોવિત્ઝર બંદૂકોની પ્રથમ જમાવટને ચિહ્નિત કરીને ફોરવર્ડ તૈનાત રચનાઓને મજબૂત કરવાનો છે. ભારતીય સેના કંપનીઓની ક્ષમતાઓનો લાભ લઈને તેની આર્ટિલરી ક્ષમતાઓને સ્વદેશી રીતે આધુનિક બનાવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **2022માં મેલેરિયા લેન્ડસ્કેપ**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) મુજબ 2022માં નોંધાયેલા મેલેરિયાના કેસોમાં ભારત દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયામાં આગળ છે, જે આ ક્ષેત્રમાં નોંધાયેલા 5.2 મિલિયન કેસોમાં 66% છે. 30 નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલ વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2023માં જણાવ્યું હતું કે ભારતમાં સૌથી વધુ કેસ હોવા છતાં કેસોમાં 55% ઘટાડો થયો છે. અહેવાલમાં મેલેરિયાના સંક્રમણ પર હવામાન પરિવર્તનની સીધી અને પરોક્ષ અસરો પર ભાર મૂકવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે 2022માં મેલેરિયાના 249 મિલિયન કેસ નોંધાયા હતા. 2022માં મેલેરિયાના તમામ મૃત્યુમાંથી 94% ઈન્ડોનેશિયા તેમજ ભારતમાં થયા હતા.

# વિશ્વ

## ➤ પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા માટે ઝીરો ડ્રાફ્ટ ટેક્સ્ટ

તાજેતરમાં કેન્યાના નૈરોબીમાં UNEP હેડક્વાર્ટર ખાતે આંતરસરકારી વાટાઘાટ સમિતિ (INC-3)નું ત્રીજુ સત્ર પૂર્ણ થયું હતું. આ સત્રમાં દરિયાઈ પર્યાવરણ સંબંધિત ચિંતાઓને સમાવિષ્ટ પ્લાસ્ટિક પ્રદૂષણ પર આંતરરાષ્ટ્રીય કાયદેસર બંધનકર્તાના સાધનના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જોકે INC-3ને પ્લાસ્ટિક પ્રદૂષણ પર આંતરરાષ્ટ્રીય કાયદેસર બંધનકર્તા સાધનના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જોકે INC-3ને પ્લાસ્ટિક પ્રદૂષણ પર આંતરરાષ્ટ્રીય કાયદેસર રીતે બંધનકર્તા સાધનના શૂન્ય ડ્રાફ્ટ ટેક્સ્ટ પર સર્વસંમતિ સુધી પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાથી પ્રગતિ દરમિયાન પડકારો ઉભા થયા છે. INC-3ને પ્લાસ્ટિક પ્રદૂષણ પર ભાર મૂકતા પ્લાસ્ટિક પ્રદૂષણ પર આંતરરાષ્ટ્રીય કાયદેસર બંધનકર્તા સાધન માટે સૂચિત તત્ત્વોની રૂપરેખા આપવામાં આવી છે. ભારત આ વિકાસને સક્રિયપણે સમર્થન આપે છે અને INC પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લે છે.

## ➤ નાસાનું સાયકી અવકાશયાન



નાસાનું સાયકી (PSYCHE) અવકાશયાન જે હાલમાં અવકાશમાં 16 મિલિયન કિલોમીટરથી વધુની મુસાફરી કરી રહ્યું છે તેણે તાજેતરમાં પૃથ્વી પર લેસર સિગ્નલ સફળતાપૂર્વક મોકલીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. તેને 13 ઓક્ટોબર, 2023ના રોજ કેનેડી સ્પેસ સેન્ટરમાંથી સ્પેસએક્સ ફાલ્કન હેવી રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. સાઈકી મિશનનો ધ્યેય મંગળ અને ગુરુ વચ્ચે સ્થિત સાઈકી એસ્ટરોઈડનું અન્વેષણ કરવાનો છે. આ મિશન પૃથ્વી જેવા પાર્થિવ ગ્રહોની ઉત્ક્રાંતિમાં અમૂલ્ય આંતરદષ્ટિ પ્રદાન કરીને ગ્રહોના મૂળનો સીધો અભ્યાસ કરવાની અનન્ય તક પૂરી પાડે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સિકલ સેલ રોગ અને થેલેસેમિયા માટે Casgevy થેરાપી**

તાજેતરમાં યુકેના ડ્રગ રેગ્યુલેટરે કેસગેવી નામની જીન થેરાપીને મંજૂરી આપી હતી, જે સિકલ સેલ રોગ અને થેલેસેમિયાની સારવાર માટે નોંધપાત્ર પ્રગતિ માનવામાં આવી હતી. નોંધનીય રીતે CRISPR-Casg જનીન સંપાદન તકનીકનો લાભ લેવા માટે વિશ્વની પ્રથમ લાયસન્સ પ્રાપ્ત ઉપચાર તરીકે ચિન્હિત કરે છે જેણે તેના સંશોધકોને રસાયણશાસ્ત્રમાં 2020 નોબેલ પારિતોષિક અપાવ્યું હતું. સિકલ સેલ રોગ અને થેલેસેમિયા બંને લાલ રક્ત કોશિકાઓમાં હિમોગ્લોબિન (Hb) પ્રોટીનના જનીનોમાં ભૂલોને કારણે થાય છે, જે અંગો અને પેશિઓમાં ઓક્સિજન વહન કરે છે. Casgevy થેરાપી દર્દીના પોતાના રક્ત સ્ટેમ સેલનો ઉપયોગ કરે છે, જે CRISPR-Casgનો ઉપયોગ કરીને ચોક્કસ રીતે સંપાદિત થાય છે. BCL11A નામનું જનીન, જે ગર્ભના પુખ્ત હિમોગ્લોબિનમાં રૂપાંતર માટે મહત્વપૂર્ણ છે, તે ઉપચાર દ્વારા પણ લક્ષ્યાંકિત છે. ગર્ભ હિમોગ્લોબિન જે જન્મ સમયે દરેક વ્યક્તિમાં કુદરતી રીતે હાજર હોય છે, તેમાં પુખ્ત હિમોગ્લોબિન જેવી અસામાન્યતા હોતી નથી. કેસગેવી એ એકલ સારવારનો સમાવેશ કરે છે. જેમાં રક્ત સ્ટેમ કોશિકાઓ એફેરેસિસ દ્વારા કાઢવામાં આવે છે અને પછી દર્દીમાં ફરીથી દાખલ કરવામાં આવે તે પહેલા લગભગ છ મહિના સુધી સંવર્ધન કરવામાં આવે છે.



1. કયું કેન્દ્રીય મંત્રાલય 'રાષ્ટ્રીય ગોપાલ રત્ન એવોર્ડ' સાથે સંકળાયેલું છે ?

– મત્સ્યદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય

2. ભારતે કયા બ્લોક સાથે સેમિકન્ડક્ટર્સ પર ઔપચારિક સમજૂતિ મેમોરેન્ડમ (MoU) કર્યુ છે ?

– યુરોપિયન યુનિયન

3. ભારતનું પ્રથમ સ્લોથ રીંછ બચાવ કેન્દ્ર કયા રાજ્યમાં આવેલું છે ? – કર્ણાટક

4. ઈન્વેસ્ટર રિસ્ક રિડક્શન એક્સેસ (IRRA) પ્લેટફોર્મ _____ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. – સ્ટોક એક્સચેન્જ

5. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)એ નાના અને મધ્યમ ઉદ્યોગો (SME)ને મૂડી બજાર દ્વારા ભંડોળ એકત્ર કરવામાં મદદ કરવા માટે કયા રાજ્ય સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – પશ્ચિમ બંગાળ

6. નોઆ–દિહિંગ મ્યુઝિક દેડકા એક નવી શોધાયેલ પ્રજાતિ છે, જે કયા રાજ્યમાં જોવા મળે છે ? – અરૂણાચલ પ્રદેશ

7. તાજેતરમાં કઈ રાજ્ય સરકાર અને NDDBએ ડેરી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે ?

– આસામ સરકાર

8. તાજેતરમાં સમાચારમાં રહેલ ગેનીમીડ, કેલિસ્ટો અને યુરોપા કયા ગ્રહના ઉપગ્રહ છે ? – ગુરુ

9. વાતાવરણીય તરંગો પ્રયોગ (AWE) કઈ અવકાશ એજન્સી સાથે સંકળાયેલ છે ? – NASA

10. કયા દેશે વિશ્વના સૌથી મોટા સિંગલ–સાઈટ સોલાર પાવર પ્લાન્ટ 'અલ ધફરા' પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કર્યુ હતું ?

– UAE

11. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ કયા રાજ્યમાં તૃતીય આરોગ્ય સંભાળ અને તબીબી શિક્ષણને વધારવા માટે 500 મિલિયન ડોલરની લોન મંજૂર કરી છે ? – મહારાષ્ટ્ર

12. ASSOCHAM દ્વારા કયા જાહેર ક્ષેત્રના સાહસને 'વિવિધતા અને સમાવેશમાં નીતિઓ માટે શ્રેષ્ઠ એમ્પ્લોયર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ? – REC લિમિટેડ

13. પ્રથમ ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023નો માસ્કોટ શું છે ? – ઉજ્જવલા

14. કેન્દ્ર સરકારે કઈ સંસ્થાને માહિતી અધિકાર અધિનિયમ, 2005ના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપી છે ? – CERT-In

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા 9મી નેશનલ લેવલ પોલ્યુશન રિસ્પોન્સ એક્સરસાઈઝ (NATPOLREX-IX) ક્યાં યોજવામાં આવી હતી ? – વાડિનાર, ગુજરાત

16. ISSF વર્લ્ડ કપ ફાઈનલમાં પુરુષોની 25 મીટર રેપિડ ફાયર ઈવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય શૂટર કોણ બન્યું છે ? – અનીશ ભાનવાલા

17. દરિયાઈ દેખરેખ માટે ભારતીય કોસ્ટગાર્ડ અને નૌકાદળ દ્વારા સામુહિક રીતે કેટલા C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ હસ્તગત કરવામાં આવશે ? – 15

18. બાળકોને ઓરિ અને રૂબેલા સામે રક્ષણ આપવા માટે ભારતીય ઈમ્યુનોલોજિસ્ટ દ્વારા બહાર પાડવામાં આવેલી MR વેક્સિનનું નામ શું છે ? – મેબેલા

19. OECD અનુસાર 2022માં કયો દેશ અગ્રણી સહાય પ્રદાતા તરીકે ઉભરી આવ્યો છે ? – યુનાઈટેડ સ્ટેટ્સ

20. ભારતના MSME માટે સર્વગ્રાહિ ડિજિટલ સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ સોલ્યુશન પ્રદાન કરવા માટે કઈ કંપનીએ માસ્ટરકાર્ડ સાથે ભાગીદાર કરી છે ? – UGRO

21. ભારતના કયા રાજ્યમાં વિશ્વના 3D-પ્રિન્ટેડ મંદિરનું અનાવરણ કરવામાં આવ્યું હતું ? – તેલંગાણા

22. ભારતમાં કોમર્શિયલ સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓ શરૂ કરવા માટે ભારતના સ્પેસ રેગ્યુલેટર, IN-Space પાસેથી મંજૂરી મેળવનારી પ્રથમ સંસ્થા કઈ બની છે ? – વનવેબ ઈન્ડિયા

23. BBC 100 વુમન 2023ની યાદીમાં કેટલી ભારતીય મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે ? – ચાર

(BBC 100 વુમન 2023ની યાદીમાં ભારતીય મહિલાઓમાં દિયા મિર્ઝા, હરમનપ્રીત કૌર, આરતીકુમાર રાવ અને તિબેટિયન બૌધ સાધ્વી જેતસુન્મા)

24. કયા ભારતીય રાજ્યના જવાબદાર પ્રવાસન (RT) મિશનને વૈશ્વિક ઓળખ મળી છે અને UNWTOની કેસ સ્ટડીઝની પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવ્યું છે ? – કેરળ

25. તાજેતરમાં કયા દેશે ડેવિસ કપ 2023 (ટેનિસ)નું ટાઈટલ જીત્યું છે ? – ઈટાલી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT